## કોલેજનું નામ :- શ્રી વી. આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા

## વિષય :-“રાષ્ટ્રીયસેવા યોજનાની ખાસ વાર્ષિક શિબિરનો ફોટોગ્રાફ્સ સાથેનો અહેવાલ”



ગામનું નામ :- સદુથલા

તાલુકો :- બેચરાજી

જીલ્લો :- મહેસાણા

ખાસ શિબિરની તારીખ :- **02-11-2023 થી 08-11-2023**

સ્વયંસેવકકોની સંખ્યા :- **102**

પ્રોગ્રામ ઓફિસર :- **1.** પ્રો. ડૉ. કલ્પેશ ટી. પટેલ

**2.** પ્રો. ડૉ. વિશાલ એચ. જોષી

**3.** મેઘલ પટેલ (વીઝીટીંગ)

VRPCCM

# અહેવાલ

2/11/2023

ગુરૂવાર




- બપોરે 2:00 વાગ્યે NSS સ્વયંસેવકો કોલેજમાં હાજર થયા.
- 3:00 કલાકે શિબીર માટે વિદ્યાર્થીઓની ગણતરી કરી તેમાં 102 વિદ્યાર્થીઓ હાજર રહી શિબીર માટેનો સામાન ટેમ્પોમાં ભરાવી ફોટોગાફી કરી અને સદુથલા જવા રવાના થયા.










- ૩:૩૦ કલાકે સદુથલા મુકામે પહોચ્યા સદુથલા ગામના ગેટ ઉપર સરપંચ તેમજ ગ્રામજનોએ શિબિરના સ્વયં-સ્વયંસેવકોનું સ્વાગત કર્યું. તેમાં વિદ્યાર્થીઓને ચાંલ્લા કરી નાની-નાની બાળાઓ દ્વારા કુભ ઉપાડીને  ગ્રામ પ્રવેશ કરાવ્યો અને ગામ ચોકમાં ફુલો દ્વારા પણ સ્વાગત કરવામાં આવ્યું.




- 4:00 કલાકે વિદ્યાર્થીઓને રહેવા માટેની વ્યસ્થા કરવામાં આવી છોકરીઓ માટે – વિષ્ણુભાઈ પટેલનું મકાન અને છોકરાઓ માટે પાટીદાર વાડીના રૂમની વ્યવસ્થા કરવામાં આવી.

- સાંજે 5.00 કલાકે વિદ્યાર્થીઓની ટુકડી પાડી જુદી જુદી જવાબદારીઓ વહેચવામાં આવી.

- જેમાં સત્યમ, શિવમ, સુદરમ અને સ્વામી વિવેકનદ, ભગતસિહ, સરદાર.

- સાંજે 7;00 કલાકે જમવાનું આયોજન કરવામાં આવ્યું જેમાં મોહનથાળ, પૂરી, શાક, દાળ, ભાત, છાસની વયવસ્થા કરવામાં આવી .










- રાત્રે 8;30 કલાકે ઉદઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. ઉદઘાટન સમારોહની શરૂઆત કોલેજની વિદ્યાર્થીનીઓ અમી અને હિરલ દ્વારા પ્રાર્થના કરી કરવામાં આવી. સદ્દથલા ગામની બાળાઓએ સ્વાગત ગીત રજૂ કર્યું. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી સમારોહને ખુલ્લો મુકવામાં આવ્યો.

- સમારોહમાં શ્રી કે. કે. પટેલ, માન. શ્રી. સુખાજી ઠાકોર, શ્રી. મનુભાઈ ચોક્સી, શ્રી. હર્ષદભાઈ આર. પટેલ, શ્રી. પ્રતાપસિંહ ઝાલા, શ્રી. વિષ્ણુભાઈ પ્રજાપતિ અને અન્ય મહેમાનશ્રીઓ હાજર રહ્યા.

- મહેમાનશ્રીઓનું સ્વાગત અને પરિચય કોલેજના આચાર્યશ્રી ડૉ. જે. કે. પટેલ દ્વારા કરવામાં આવ્યો. મહેમાનશ્રીઓના સ્વાગત બાદ આશીર્વચન પાઠવવામાં આવ્યા. સાંસ્કૃતિક કાર્યક્રમ થયા અને આભાર વિધિ કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

- રાત્રે 11:30 કલાકે સ્વયંસેવકોને ગ્રામજનો દ્વારા નાસ્તાનું (સમોસા) આયોજન થયું.

- સાથે સાથે બીજા દિવસની કામગીરી તેમજ જવાબદારી આપવામાં આવી.

VRPCCM

3/11/2023


શુક્રવાર




- સવારે 5:30 કલાકે સ્વયંસેવકો એ ગામમાં શેરીએ શેરીએ પ્રભાત ફેરી નીકાળી.


- સવારે 7:30 કલાકે સ્વયંસેવકોએ ફ્રેશ થઈ પ્રાર્થના કર્યા બાદ ચા નાસ્તો કરવામાં આવ્યો.

VRPC










- સવારે 8:30 કલાકે સ્વયંસેવકોએ ટુકડીઓ પ્રમાણે સોંપેલ જવાબદારી પૂર્વક પટેલ વાસ, પરાવાસ, પાટીવાસ, સુણસર વિભાગ જેવી જુદી જુદી જગ્યાએ સાફ-સફાઈ કરી સ્વચ્છતા કાર્યક્રમ કર્યા તેમજ કચરાનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવામાં આવ્યો.

- સવારે ૧૧ કલાકે સ્વયંસેવકો માટે નાવા-ધોવાની વ્યવસ્થા કરવામાં આવી.






➢ બપોરે ૧૨ કલાકે સ્વયંસેવકો માટે જમવાનું આયોજન થયું. દાળ-ભાત, શાક,રોટલી, છાસની વ્યવસ્થા કરવામાં આવી.






➢ બપોરે ૧૨.૩૦ કલાકે મહેસાણા સિવિલ માનસિક વિભાગમાંથી પધારેલ શ્રી ડો. ભરતભાઇ ગોસ્વામી જેમને વ્યસન મુક્તિ પર માર્ગદર્શન પૂરું પાડ્યું.

➢ મહેસાણા સિવિલમાંથી પધારેલ અલ્કેશભાઈ ભાવસાર ક્લિનિકલ સાયકોલોજીસ્ટ, જેમને માનસિક રોગો વિષે માર્ગદર્શન પૂરું પાડ્યું અન્ય પધારેલ મહેમાન શ્રી કૃષ્ણભઈ શ્રીમાળી અને રાજુભાઇ ગોસ્વામી હાજર રહ્યા. આ કાર્યક્રમમાં ગામના વડીલો અને યુવાનો અને ૩૦ ગ્રામજનો અને 35 સ્વયંસેવકો હાજર રહ્યા.

- બપોરે 2:00 કલાકે રાત્રિના સાંસ્કૃતિક પ્રોગ્રામ અને નાટક માટે તૈયારી કરવામાં આવી.
- સાંજે 5:00 કલાકે સ્વયંસેવકો માટે ચાની વ્યવસ્થા કરવામાં આવી.
- સાંજે 7:30 કલાકે સ્વયંસેવકો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી જેમાં છોલે ચણા, પૂરી અને દૂધ છાસની વયસ્થા કરવામાં આવી.







- રાત્રે 8:30 કલાકે સંકૃતિક કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું જેમાં કાર્યક્રમની શરૂઆતમાં મહેમાન તરીકે પધારેલ શ્રી રમેશભાઈ પટેલનું સ્વાગત કરવામાં આવ્યું.




- શ્રી રમેશભાઈ પટેલ કે જેઓ ખ્યાતનામ  હાસ્ય કલાકાર તેમજ કથાકાર છે તેઓ દ્વારા બળકો, યુવાનો, વડીલો તેમજ સ્ત્રીઓ માટે સાંસ્કૃતિક અને સંસ્કાર વિશે માર્ગદર્શન આપ્યું. તેઓએ એક રૂપિયાના ટોકન પર નવ દિવસની પારાયણ કે કથા કરવાની સેવાકીય પ્રવૃત્તિ ની વાત કરી તેમજ એક રૂપિયાના ટોકન પર આ સેવા આપવાની જાહેરાત પણ કરી.

- તેઓએ ભજન ડાયરો હાસ્ય સાહિત્ય અને લગન ગીતની પણ ઝલક આપી ગ્રામજનોએ માર્ગદર્શન પૂરું પાડ્યું ત્યારબાદ સંકૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા.
    - ભારતીય સંકૃતિક પ્રમાણે નૃત્ય.
    - ગ્રામની બાળાઓ દ્વારા નૃત્ય.
    - દહેજપ્રથા પર નાટક
    - અમેરિકા અને ભારત વચ્ચે તફાવત
    - સ્વચ્છતા પર નાટક
    - માઈમ

- રાત્રે 12:00 કલાકે સ્વયંસેવકોને નાસ્તો (સેવ ખમણી) આપવામાં આવ્યું.

VRPCC

4/11/2023

શનિવાર




- સવારે 6:00 કલાકે સ્વયંસેવકોએ પ્રભાતફેરી નિકારી ત્યાર બાદ પાટીદાર વાડીમાં પ્રાથના કરવામાં આવી.

- સવારે 7:00 કલાકે સ્વયંસેવકો એ ફ્રેશ થઈને ચા નાસ્તો કર્યા

VRF




- સવારે 8:30 કલાકે વિદ્યાર્થીઓની ટુકડી પ્રમાણે સોંપેલી જવાબદારી પૂર્વક પટેલવાસ, નવો સુણસર વિભાગ, પાટીદાર વાડી, નવો પાટી વિભાગ, કાળભૈરવનું મંદિર જેવી જુદી જુદી જગ્યાએ સાફ સફાઇ કરી.

VRPC




- સવારે 9:30 કલાકે પશુ આરોગ્ય માટે સારવાર કેમ્પ પશુપાલન શાખા, જિલ્લા પંચાયત મહેસાણા, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા આયોજન કરવામાં આવ્યું.

- પશુ સારવાર કેમ્પમાં મેડિશનલ સારવાર, ગાયનેક સારવાર, સર્જીકલ સારવાર, રસીકરણ જેવી જુદી જુદી સેવાઓ પશુ દવાખાના, મોઢેરા દ્વારા આપવામાં આવી.

- સવારે 10:30 કલાકે વિદ્યાર્થીઓને ન્હાવા ધોવા માટે જુદી જુદી જયાએ વ્યવસ્થા કરવામાં આવી.

- બપોરે 12:00 કલાકે વિધાથીઓને જમવાનું આયોજન થયું . જેમાં મિક્સ શાક,રોટલી, દાળ, ભાત, છાસનું આયોજન કરવામાં આવ્યુ.

VRPC







- બપોરે 2:00 કલાકે ડો. નિધિ પટેલ, વરદાન વુમન હોસ્પિટલ, મહેસાણા દ્વારા સ્ત્રી રોગ નિદાન પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. જેમાં 40 જેટલી મહિલાઓને મહિલાઓની સમસ્યા, ગર્ભાવસ્થાની સમસ્યાઓ તેમજ બાળકોના ઉછેર પર માર્ગદર્શન આપવામાં આવ્યું.

- ડો. નીરવ પટેલ, વરદાન ચિલ્ડ્રન હોસ્પિટલ, મહેસાણા દ્વારા બાળકોના રોગ, બાળકોની ઉણપ પર માર્ગદર્શન આપવામાં આવ્યું. બાળ રોગ માટે 40 જેટલા બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યું.

- આચાર્ય એકેડમી, મહેસાણાથી પધારેલ નિમેષભાઈ આચાર્ય દ્વારા વ્યક્તિત્વ વિકાસ પર માર્ગદર્શન આપવામાં આવ્યું. વ્યક્તિત્વ વિકાસ પર માર્ગદર્શનમાં 50 જેટલા પુરુષોએ ભાગ લીધો.

- સાંજે 4:00 કલાકે વિદ્યાર્થીઓ માટે ચાની વ્યવસ્થા કરવામાં આવી.

- સાંજે 5:30 કલાકે બ્લડ ડોનેશન કેમપ ની જાહેરાત તેમજ બ્લડ ડોનેશન માટેની યાદી માટે શેરીએ શેરીએ ફર્યા.

- સાંજે 7:00 કલાકે વિદ્યાર્થીઓ માટે જમવાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કઢી, પુલાવ, પરોઠા, છાશ અને દૂધની વ્યવસ્થા કરવામાં આવી.

CM












- રાત્રે 8:30 કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી કનુભાઈ પટેલ દ્વારા લગ્ન ગીતો, લોક ગીતો અને અંધશ્રદ્ધા પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. તેઓ દ્વારા હાથ પર અને જીભ પર દીવાની જ્યોત કરી આરતી કરવામાં આવી અને ગ્રામજનોને પણ હાથ પર જ્યોત પ્રગટાવી અને અંધશ્રદ્ધાનું નિવારણ કરવા માટેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. ત્યારબાદ જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા.

- રાત્રે 11:00 કલાકે વિદ્યાર્થીઓ માટે નાસ્તા (કચોરી)નું આયોજન કર્યું. સાથે સાથે બીજા દિવસની કામગીરી તેમજ જવાબદારી સોંપવામાં આવી.

5/11/2023

રવિવાર

- સવારે 6:00 કલાકે વિદ્યાર્થીઓની બે ટુકડીઓ બનાવી સદુથલા ગામમાં અને સદુથલા પરા વિસ્તારમાં પ્રભાતફેરી નીકાળવામાં આવી.
- સવારે 7:00 કલાકે સ્વયંસેવકો દ્વારા પ્રાથના કરવામાં આવી.
- સવારે 7:30 કલાકે ફ્રેશ થઈ સ્વયંસેવકો માટે ચા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું.

VRPCCM


Rotary
GPS Map Camera
Sadhuthla, Gujarat, India
H7X2+M35, Sadhuthla, Gujarat 384410, India
Lat 23.598861°
Long 72.250436°
05/11/23 11:35 AM GMT +05:30
Google


Gheewala Associates
Heartely
Welcomes You
Ketan Gheewala
94279 89421
GPS Map Camera
Sadhuthla, Gujarat, India
H7X2+M35, Sadhuthla, Gujarat 384410, India
Lat 23.598852°
Long 72.250394°
05/11/23 10:54 AM GMT +05:30
Google







- સવારે 9:00 કલાકે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બ્લડ બેંક, મહેસાણાના સહયોગથી બ્લડ ડોનેશન માટે આયોજન કરવામાં આવ્યું.

- બ્લડ ડોનેશન કેમ્પમાં 70 ગ્રામજનોએ નામ નોંધાયું પરંતુ 45 ગ્રામજનોના સેમ્પલ ટેસ્ટ કરી 34 બોટલ બ્લડ એકઠું કરવામાં આવ્યું.

- બ્લડ ડોનેશન કેમ્પમાં બ્લડ ડોનેટ કરનાર વ્યક્તિને બ્લડ બેન્ક, મહેસાણા દ્વારા ભેટ આપવામાં આવી. તેમજ કેતનભાઇ ધીવાલા (ટેલી એકાઉન્ટિંગ) તરફથી પણ લેપટોપ બેગ ભેટ આપવામાં આવી. આ ઉપરાંત બ્લડ ડોનેશન કેમ્પમાં એચડીએફસી બેન્ક, મહેસાણા બ્રાન્ચ અને રોટરી ક્લબ ઓફ મહેસાણાનો પણ સહયોગ મળ્યો. બ્લડ ડોનેટ કરનાર માટે ચા બિસ્કીટની પણ વ્યવસ્થા કરવામાં આવી.

- બપોરે 12:30 કલાકે વિદ્યાર્થીઓ માટે જમવાનું આયોજન કરવામાં આવ્યું. ચણાનું શાક, રોટલી, દાળ, ભાત અને છાસનું આયોજન કરવામાં આવ્યું.

- બપોરે 2:30 કલાકે વિદ્યાર્થીઓને વ્યસન મુક્તિના નાટક માટે તૈયારી કરવામાં આવી. તેમજ સાંજના સાંસ્કૃતિક પ્રોગ્રામની પણ તૈયારી કરવામાં આવી.

VRPCCM










- સાંજે 5:30 કલાકે વ્યસન મુક્તિના કાર્યક્રમમાં વ્યસન મુક્તિનું નાટક તૈયાર કરી નનામી નીકાળીને શેરીએ શેરીએ ફેરવવામાં આવી. વ્યસન મુક્તિની નાબૂદી માટે નારા લગાવવામાં આવ્યા અને

આ કાર્યક્રમમાં ગ્રામજનો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા. આ નાટકનો ઉદ્દેશ વ્યસન મુક્તિ તેમજ યુવાનોમાંથી વ્યસન નાબૂદ થાય તે માટેનો હતો.

- સાંજે 7:30 કલાકે વિદ્યાર્થીઓ માટે જમવાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દાળ-બાટી, છાશ, દૂધનું આયોજન કર્યું.












- રાત્રે 8:30 કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું. આ કાર્યક્રમમાં પધારેલા સદ્દુથલા ગામના વતની પ્રકાશભાઈ સુથારનું સ્વાગત કરવામાં આવ્યું.
- સદ્દુથલા ગામના યુવાનો કે જેઓ આર્મી કે એસ.આર.પી.એફ.માં સેવા આપી રહ્યા હોય કે સેવા આપી હોય તેમનું સન્માન કરવામાં આવ્યું.
- ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યાં. ગણેશ વંદના, કોમેડી ડાન્સ, તલવાર-બાજી તેમજ લાકડી, લાખ રૂપિયા નો ઘાઘરો (ડાન્સ), દેશ ભક્તિ ગીત, જીવી નાટક, ગરબો,પેટમાં દુખાય છે (નાટક), વ્યસન મુક્તિ, રોણા શહેરમાં (ડાન્સ), યાદો કી બારાત (ડાન્સ), ભૂવાના ભોપાળા (નાટક), રાસ, સદ્દુથલા ગામના યુવનોનું નાટક, બસ (કોમેડી નાટક) જેવા જુદા જુદા કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યાં.
- રાત્રે 12:00 કલાકે વિદ્યાર્થીઓ માટે નાસ્તા (પાપડી, મરચાં ચા)નું આયોજન થયું. સાથે સાથે બીજા દિવસની કામગીરીની વહેંચણી કરવામાં આવી તેમજ જવાબદારીઓ સોંપવામાં આવી.

6/11/2023

સોમવાર

VRPCM










- સવારે 6:30 કલાકે વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં પ્રભાતફેરી કરવામાં આવી. ત્યાર બાદ ગામના ચોકમાં યોગા અને જુમ્મા પણ કરવામાં આવ્યા.
- સવારે 7:30 કલાકે વિદ્યાર્થીઓ માટે ચા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું.







- સવારે 8:30 કલાકે વિદ્યાર્થીઓ દ્વારા સદુથલા ગામની જુદી જુદી જગ્યાઓએ તેમજ મંદિરોની સાફ સફાઇ કરવામાં આવી.

- સવારે 10:30 કલાકે વિદ્યાર્થીઓ માટે નહાવા ધોવા માટે જુદી જુદી જગ્યાએ વયવસ્થા કરવામાં આવી.

- બપોરે 12:00 કલાકે વિદ્યાર્થીઓ માટે જમવાનું આયોજન કરવામાં આવ્યું. બટાકા વટાણાનું શાક, રોટલી, દાળ ભાત, બરફી, છાસ વગેરેનું આયોજન કરવામાં આવ્યું.

- બપોરે 1:00 કલાકે રોટરી ક્લબ ઓફ મેહસાણાથી પધારેલ વક્તા શ્રી હર્ષદભાઈ રામભાઇ પટેલ (એન.જી.ઓ. વિભાગ) દ્વારા ફીઝીઓથેરાપી, નિઝધામ શિવણ ક્લાસ પર વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનોને માર્ગદર્શન આપવામાં આવ્યું.

- ઈન્ડિયા રિનલ ફાઉંડેશન, મહેસાણાથી પધારેલ કુલદીપભાઈ ગાંધી અને ધ્રુવભાઈ ચાવડા દ્વારા કિડની અંગેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો એમ કુલ 54 વ્યક્તિઓએ માર્ગદર્શન મેળવ્યું.

- રોટરી ક્લબ ઓફ મેહસાણા દ્વારા ફીઝીઓથેરાપી ટ્રીટમેન્ટ દિવસના ફક્ત 30 રૂપીયામાં આપવાની જાહેરાત કરી તેમજ રિનલ ફાઉંડેશન મેહસાણા દ્વારા કિડની માટે ડાયાલીસીસીસની ટ્રીટમેન્ટ માટેની માસિક 1000 રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી ત્યાર બાદ 15 થી 20 મિનિટ પ્રશ્નોત્તરી કરવામાં આવી.

CM






- બપોરે 3:30 કલાકે સદુથલા ગામમાં લગ્ન પ્રથાની વ્યવસ્થા જાણવા માટે લગનનું નાટક રાખવા આવ્યું. જેમાં મેહુલસિંહ ભરતસિંહ ઝાલાને વરરાજા બનાવી આખાં ગામમાં ડી.જે. સાથે ગોત્રીજો ભરવા માટે પટેલ વાસથી સરપંચ શ્રી પ્રતાપસિંહ ઝાલાના ઘર સુધી લઈ જવામાં આવી.

- **સાંજે 7:30 કલાકે વિદ્યાર્થીઓ માટે જમવાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દાળ-બાટી, છાશ, દૂધનું આયોજન કર્યું.**

- **રાત્રે 8:30 કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું. આ કાર્યક્રમમાં પધારેલા સદુથલા ગામના વતની પ્રકાશભાઈ સુથારનું સ્વાગત કરવામાં આવ્યું.**

- **રાત્રે 8:30 કલાકે સદુથલા ગામમાં લગ્ન પ્રથાની વ્યવસ્થા જાણવા માટે લગનનું નાટક રાખવા આવ્યું.**

- **રાત્રે 12:00 કલાકે વિદ્યાર્થીઓ માટે નાસ્તા (પાપડી, મરચાં ચા)નું આયોજન થયું. સાથે સાથે બીજા દિવસની કામગીરીની વહેંચણી કરવામાં આવી તેમજ જવાબદારીઓ સોંપવામાં આવી.**

VRPCCI

7/11/2023

મંગળવાર







- સવારે 6:00 કલાકે વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં પ્રભાતફેરી નીકાળવામાં આવી.
- સવારે 7:00 કલાકે સ્વયંસેવકો દ્વારા પ્રાથના કરવામાં આવી.

- સવારે 7:30 કલાકે ફ્રેશ થઈ સ્વયંસેવકો માટે ચા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું.

- બપોરે 12:00 કલાકે વિદ્યાર્થીઓ માટે જમવાનું આયોજન થયું ચણાનું શાક, મગજ, પૂરી, દાળ, ભાત, છાશ વગેરેનું આયોજન કરવામાં આવ્યું.




- બપોરે 1:00 કલાકે સુરક્ષા સેતુ સોસાયટી, મેહસાણા પોલીસ, માર્ટિન ડી ટેક વેન્ડો એકેડમીમાંથી પધારેલ દીપકભાઈ ચાવડા અને પઠાન દ્વારા સેલ્ફ ડિફેન્સ માટેની જુદી જુદી ટેકનિકો જેમ કે પંચીગ, બ્લોકિંગ, બોડી તેમજ આકસ્મિક બનતા બનાવો જેમ કે આગ લાગે તો તેને કઈ રીતે બુઝાવવી તે માટે માર્ગદર્શન પુરું પાડ્યું.

- સાંજે 5:00 કલાકે વિદ્યાર્થીઓ તેમજ ગામજનો માટે રસ્સા ખેચ, જેવી જુદી જુદી રમતો રમાડવામાં આવી.

- રાત્રે 7:30 કલાકે વિદ્યાર્થીઓ માટે જમવાનું આયોજન થયું. બાસુંદી, પનીર ભુરજી, રોટલી, છાશ, જીરા રાઈસ, પાપડનું આયોજન કરવામાં આવ્યું.

- રાત્રે 9:00 કલાકે સમાપન સમરોહ યોજવામાં આવ્યો.

VRPC



સમાપન સમારોહ ની રૂપરેખા

પ્રાથના – સરસ્વતી વંદના

મહેમાનો નું શાબ્દિક સ્વાગત અને પરિચય

અધ્યક્ષ :- **માન શ્રી જુગલજી ઠાકોર**

**મહેમાન શ્રી :- શ્રી વિષ્ણુ ભાઈ પ્રજાપતિ (આચાર્ય – સદુથલા)**

**શ્રી પ્રકાશભાઈ અમરતલાલ સુથાર**

**શ્રી પ્રતાપસિંહ ડુંગરસિંહ ઝાલા – સરપંચ**

**શ્રી વિષ્ણુભાઈ નાનુંભાઈ પટેલ**

**વષિક શિબિર નો અહેવાલ**

**વિધાથીઑનો પ્રતિભાવ**

**રબારી આંચલબેન કલ્યાણભાઇ**

**પ્રજાપતિ રાજ દેવનદ્રકુમાર**

**ગ્રામજનોના પ્રતિભાવ**

**પટેલ વિષ્ણુભાઈ નાનુંભાઈ**

VRPCC

મહેમાનશ્રીઓનું પ્રાસગોચિત ઉદબાદન દાતા શ્રી ઑ તેમજ સેવા આપનાર સન્માન

વિશિષ્ટ સન્માન

આભાર વિધિ

આર્મી સોંગ – વંદે માતરમ

શહીદોને સલામી અને પુષ્પાજંલિ

ગ્રામજનો દ્વારાવિધાથીઓને ભેટ

નિટીનભાઈ નું સમાન અને ભેટ

સાંસ્કૃતિક કાયકમો

કાલા કાલાચશ્માં, રાણા શેરમાં, ધાની ચુનરીયા લેજા રે લેજા, તલવાર બાજી, ગ્રામની બળકીઓનો ડાન્સ, ઢોલી ડા ઢોલ બાજે વગેરે.

ત્યાર બાદ વિદાય ગીત રજૂ કરવામાં આવ્યું.

રાત્રે 12:30 કલાકે નાસ્તાનું આયોજન થયું. સાથે દિવસ દરમિયાન પ્રવુતિઓની ચર્ચા કરવામાં આવી.

VRPCCM

8/11/2023

બુધવાર

- સવારે 6:00 કલાકે વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં પ્રભાતફેરી નીકાળવામાં આવી.
- સવારે 7:00 કલાકે સ્વયંસેવકો દ્વારા પ્રાથના કરવામાં આવી.
- સવારે 8:30 કલાકે ફ્રેશ થઈ સ્વયંસેવકો માટે ચા નાસ્તા (**ફરસીપૂરી,ચા, દૂધ**)નું આયોજન કરવામાં આવ્યું.
- સવારે 9:30 કલાકે સ્વયંસેવકો સ્નાન કરવા માટે ગયા.
- ત્યારબાદ અંતિમ મિટિંગ કરી ગામમાં વિદાય રેલી માટે ગયા.

CCM









- વિદાય રેલી બાદ સ્વયંસેવકો જમવા ગયા.
- જમીને આવ્યા બાદ સ્વયંસેવકોએ પેકિંગ કર્યું.
- ત્યારબાદ સદુથલા ગામમાંથી કોલેજ તરફ ફરવાના થયા.
- કોલેજમાં આવી સ્વયંસેવકો કોલેજનો સામાન ગોઠવી પોતાને ઘરે જવા નીકળ્યા.

પ્રોગ્રામ ઓફિસર                                                  આચાર્ય

ડૉ. કલ્પેશ ટી. પટેલ                                              પ્રિ. ડૉ. જે. કે. પટેલ

ડૉ. વિશાલ એચ. જોષી